
# ફિરોઝાબાદ



ફિરોઝાબાદ : છોટી છિપેટીનાં મંદિરમાં પાંચ ભરતનાં ચોવીસ તીર્થંકર

- આવાગમન................. : રેલ્વે સ્ટેશન : ટૂન્ડલા જં. - ૨૦ કિ.મી.
  બસ સ્ટેશન - ટૂન્ડલા - ૧૮ કિ.મી.
- પહોંચવાનો સરળ માર્ગ ... : દિલ્હી-આગ્રા હાઈવે પર સડક રસ્તે
- નજીકનું મુખ્ય શહેર ....... : ટૂન્ડલા - ૧૮ કિ.મી.
- નજીકના તીર્થક્ષેત્રો......... : શૌરીપુર-બટેશ્વર - ૩૫ કિ.મી.

ફિરોઝાબાદ ભારતનું એક મોટું ઔદ્યોગિક શહેર છે, કારણ કે અહીં કાચની જાત-જાતની બંગડીના મોટા-મોટા કારખાના છે. તેમજ કાચના ગ્લાસ વિગેરેના પણ કારખાના છે. સાંભળવા મુજબ ફિરોઝાબાદમાં નાના-મોટા થઈને કુલ ૩૪ જૈન મંદિરો છે. તેથી ફિરોઝાબાદને જૈનનગર પણ

કહે છે. અહીં મેઈન રોડ ઉપર શેઠ શ્રી છદામીલાલજી ટ્રસ્ટનું ખૂબ જ મોટું અને ભવ્ય જિનમંદિર છે. તે સ્વ. શ્રી છદામીલાલજી શેઠે એકલાએ જ બંધાવેલ છે. મેઈન રોડ ઉપર તેમણે જ યાત્રિકોને રહેવા માટે મોટી ધર્મશાળા બંધાવેલ છે, જેનું નામ સરસ્વતિ દેવી દિગંબર જૈન ધર્મશાળા છે. ધર્મશાળામાં ૪૦ રૂમ છે. ગાદલા-ઓશીકાની સગવડતા છે, પણ રૂમમાં હવા-પ્રકાશ નથી. મહેમાનોને ઉતરવા માટે ધર્મશાળામાં ૪૦ રૂમો ઉપરાંત ચાર મોટા હોલ પણ છે. અંધારી રૂમો છે. તેમજ બાથરૂમ-લેટ્રીન જનરલ છે, જે જરાય સારા નથી. ધર્મશાળાની બહાર ઘણી દુકાનો છે કે જ્યાં ચા-દૂધ, નાસ્તો, મિઠાઈ, વિગેરે ઘણી વસ્તુઓ વ્યાજબી ભાવથી મળે છે.

ફિરોઝાબાદમાં નીચે મુજબના મંદિરો મુખ્ય અને સુંદર છે.

૧. સ્વ. શ્રી છદામીલાલજી ટ્રસ્ટનું મોટું અને ભવ્ય મંદિર

૨. અટાવાલા દિગંબર જૈન મંદિર, ઘંટાઘર પાસે,

૩. શ્રી સુપાર્શ્વનાથજીનું મંદિર

૪. ચોવીસી ટોંક મંદિર, લોહીયાન ગલી (ગલીમાં ઊંડે-ઊંડે છે.)

૫. શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જિનમંદિર
(ગામમાં સદરબજારમાં ગલીમાં રહેણાંકના મકાનોની વચ્ચે છે.)

**સ્વ. શ્રી છદામીલાલજી દિગંબર જૈન મંદિરનું વર્ણન:-**

આ મંદિરના વિસ્તારનું નામ "જૈનનગર" છે. અંદર પ્રવેશતા જ સફેદ આરસનો માનસ્થંભ દશ્યમાન થાય છે. અહીં નીચે તથા ઉપર બંને જગ્યાએ ચારે દિશામાં ભગવાનની પ્રતિમાજીઓ છે. માનસ્થંભજીની ઊંચાઈ ૭૧ ફીટ છે. માનસ્થંભજી પછી કમ્પાઉન્ડમાં જલમંદિરની સુંદર રચના છે. મોટા હોજ જેવું બાંધેલું છે, જેમાં પાણી ભરેલું છે. વચ્ચે દેરીમાં ચરણપાદૂકા છે.

તેના પછી ઘણી ઊંચાઈ ઉપર આરસનું શિખરબંધ ભવ્ય જિનમંદિર છે. ઉપર જવા માટે બધા જ પગથિયાં આરસના છે. ઉંચી વેદી કરેલી છે. તેના ઉપર ત્રણ કમળની વેદી ઉપર શ્રી મહાવીર પ્રભુ સફેદ આરસના પદ્માસન ૬ ફીટના ભવ્ય છે. ગર્ભગૃહ (નિજ મંદિર) પણ ખૂબ જ મોટું છે. બંને બાજુ ચામર ઝુલાવતા ઈન્દ્રો ગળામાં મોતીની માળા પહેરી હોય તેવા છે. મંદિરના સભાગૃહના હોલની છત ઘણી ઊંચી છે. તેથી સભાગૃહ ભવ્ય લાગે છે. હોલમાં બંને તરફ ૧૦-૧૦ થાંભલા છે. આથી સભાગૃહ-મંદિરમાં ફુલ વેન્ટીલેશન છે. રચના અલૌકિક છે.

આ મુખ્ય મંદિરની પાછળ ખૂબ જ મોટો-અનેક જાતના પુષ્પોવાળો બગીચો છે અને આ બગીચામાં ઊંચી વેદી ઉપર શ્રી બાહુબલીજી ભગવાન ખડ્ગાસન ગ્રે કલર જેવા ભૂખરા રંગના પાષાણના ૩૫ ફીટ ઊંચા છે. નીચે ૧૦ ફીટની કમળની વેદી છે. આ રીતે શ્રી બાહુબલી ભગવાન ૧૦+૩૫ = કુલ ૪૫ ફીટ ઊંચા છે. ભગવાનની પાછળ મોટા ગોળાકાર ઘુમ્મટ જેવું લાલ

પાષાણનું સુંદર બાંધકામ બનાવેલ છે. શ્રી બાહુબલીજીના દર્શન કરવા માટે જતાં પહેલા ૧૦ પગથિયાં આવે છે. પછી ચોક જેવું આવે છે અને પછી ૫ પગથિયાં ચઢવાના આવે છે. તેના પછી ત્રણ કમળની ૧૦ ફીટની ઊંચાઈની વેદી ઉપર આ શ્રી બાહુબલીજીસ્વામી બિરાજમાન કર્યા છે. આ પ્રતિમાજીનું વજન ૧૩૦ ટન છે. આ મંદિરનો શિલાન્યાસ તા. ૧૨-૯-૧૯૭૩ના રોજ થયેલ અને મંદિર તા. ૨૪-૨-૧૯૭૫ના રોજ પૂર્ણ થયેલ છે. શિલ્પી શ્રી રેંજાલ ગોપાલ રોણે પદ્મશ્રી છે. આ પ્રતિમા તૈયાર કરતા ૧૮ મહિનાનો સમય થયો હતો અને તા. ૨-૫-૧૯૭૬ના રોજ તેની પ્રતિષ્ઠા કરવામાં આવેલી હતી. શ્રી બાહુબલી ભગવાનના મંદિરની ફરતી જે હદ છે તે પણ કમળની પાંખડીથી બનાવેલી છે.

આ રીતે સ્વ. શ્રી છદામીલાલજીનું મંદિર ઘણું જ મોટું, ભવ્ય અને અવશ્ય દર્શનીય છે.

બીજુ મંદિર ઘંટાઘર (ટાવર) પાસે છે, જેને અટાવાલા દિગંબર જૈન મંદિર કહે છે. અહીં પંચધાતુના શ્રી બાહુબલીસ્વામી ખડ્ગાસન છે. તે સિવાય સપ્તર્ષિની સાત મૂર્તિ પંચધાતુની છે. આખું ભક્તામરસ્તોત્ર આરસના પાટીયામાં કોતરેલું છે. ડાબી તરફ આરસના લાલ કમળની વેદી ઉપર શ્રી આદિનાથ ભગવાન બદામી રંગના પદ્માસને બિરાજમાન છે. તેમની બાજુમાં શ્રી વાસુપૂજ્ય ભગવાન પદ્માસન ૩ ફીટના કમળની વેદી ઉપર બિરાજમાન છે. આ સિવાય પંચધાતુના સોળ સ્વપ્ન મંદિરમાં રાખેલ છે. દિવાલ ઉપર ગિરનારજીનું ઘણું મોટું ચિત્રપટ છે. તેવી જ રીતે સામેની દિવાલ ઉપર શ્રી સમ્મેદશિખરજીનું ઘણું મોટું ચિત્રપટ છે. જમણી તરફ લાલ કમળની વેદી ઉપર શ્રી પાર્શ્વનાથ પ્રભુ પદ્માસન ફેણવાળા ૧।।। ફીટના છે. તે સિવાય પંચધાતુના ચોવીસ તીર્થંકર ભગવંતો છે. આ સિવાય પંચધાતુના નાના-મોટા ઘણા પ્રતિમાજી છે.

બીજી દેરીમાં શ્યામ વર્ણના શ્રી બાહુબલીસ્વામી ખડ્ગાસન ૧ ફૂટના છે. તેમની બાજુમાં બીજા ત્રણ પદ્માસન પ્રતિમાજી છે. ત્યારબાદ મોટા કમળ ઉપર શ્રી મહાવીર પ્રભુ ખડ્ગાસન બદામી આરસના ૬ ફીટના છે. ત્યારબાદ પંચ બાલયતિ ભગવાન આરસના પદ્માસન છે. ત્યાર પછી પંચધાતુના શ્રી બાહુબલી ભગવાન ખડ્ગાસન છે. થાંભલામાં " ૐ " ચિત્રમાં પંચ પરમેષ્ટી ભગવાનનું મોટું ચિત્રપટ છે તથા બીજા થાંભલામાં " ह्रीं " શબ્દમાં ચોવીસ તીર્થંકરોનું ચિત્ર છે.

ત્રીજુ મંદિર ચોવીસી ટોંક મંદિર કહેવાય છે, જે લોહીયાન ગલીમાં આવેલું છે. ગલીમાં ગલી-તેમાં ગલી-તેમ ઊંડે-ઊંડે રહેણાંકના મકાનોની વચ્ચે આ મંદિર આવેલું છે. તેથી શોધતા થોડી વાર લાગે છે. પણ પૂછતા-પૂછતા મળી જાય છે. આ મંદિરમાં મૂળનાયક શ્રી પાર્શ્વનાથ પ્રભુ ફેણવાળા પદ્માસન ૩ ફીટના છે. ડાબી તરફ બદામી વર્ણના પદ્માસન મુનિની પ્રાચીન મૂર્તિ છે. જમણી તરફ શ્રી મહાવીરકીર્તિ મુનિની પદ્માસન મૂર્તિ છે. ત્યારબાદ એક જ મોટા સિંહાસનમાં પંચધાતુની નાનકડી ૩૬ મૂર્તિઓ છે. પાછળ ગોખલામાં શ્રી મહાવીર પ્રભુ બદામી આરસના ખડ્ગાસન ૨ ફીટના છે તથા પંચધાતુના પદ્માસન ૬ ઈંચના પંચબાલયતિ ભગવાન છે. મેડી ઉપર ચોવીસ દેરીમાં ચોવીસ તીર્થંકર ભગવંતો પદ્માસન-દરેક ૧ ફૂટના બિરાજમાન છે.

ચોથુ મંદિર શ્રી દિગંબર જૈન મંદિર ભેંસા વૃજપુરમાં છે. આ મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ શ્યામ વર્ણના ખડ્ગાસન, શ્રી નેમિનાથ ભગવાન બદામી વર્ણના ખડ્ગાસન તથા શ્રી મલ્લિનાથ ભગવાન બદામી વર્ણના ખડ્ગાસને છે. નીચેની વેદીમાં બદામી આરસના ચાર ભગવાન છે. સ્થંભ ઉપર ચારે દિશામાં ચાર દેરી છે, જે દરેક દેરીમાં ચારે દિશામાં પંચધાતુના ચાર ભગવાન છે.

આ મંદિરમાં નીચે ધર્મશાળા છે, જેમાં તદ્દન સામાન્ય અંધારી રૂમો છે. એટલે કે જરાયહવા-પ્રકાશ વિનાની રૂમો છે.

પાંચમુ મંદિર શ્રી ચન્દ્ર પ્રભુ દિગંબર જિનમંદિર પણ ગામમાં સદરબજારમાં ગલીમાં ગલી-તેમાં ગલી-તેમ રહેણાંકના ઘરોની વચ્ચે આવેલું છે. શોધતા વાર લાગે તેવું છે. આ મંદિરમાં કમળની વેદી ઉપર મૂળનાયક શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાન પદ્માસન છે. બંને બાજુ કમળની વેદી ઉપર સફેદ આરસના બે પદ્માસન પ્રતિમાજી છે. બીજી દેરીમાં શ્રી શાંતિનાથ ભગવાન સફેદ આરસના પદ્માસન ૧। ફીટના છે. તે સિવાય નાના-મોટા થઈને બીજા સાત પ્રતિમાજી આરસના છે અને પંચધાતુના ત્રણ પદ્માસન પ્રતિમાજી છે. ત્રીજી દેરીમાં શ્રી શીતલનાથ ભગવાન કમળની વેદી ઉપર પદ્માસન ૧ ફૂટના છે. ચોથી દેરીમાં શ્રી મહાવીર પ્રભુ પદ્માસન ૧।।। ફીટના છે તથા પંચધાતુના નાના-મોટા થઈને બીજા સાત પ્રતિમાજી છે. પાંચમી દેરીમાં કમળની વેદી ઉપર શ્રી આદિનાથ ભગવાન સફેદ આરસના ૧। ફીટના પદ્માસને છે. છઠ્ઠી દેરીમાં શ્રી નેમિનાથ પ્રભુ શ્યામ વર્ણના પદ્માસન પ્રાચીન ૧।। ફીટના છે તથા તે સિવાય બીજા નાના-મોટા થઈને આરસના પદ્માસન છ પ્રતિમાજી છે.

મંદિરમાં પ્રવેશતા ડાબી તરફ એક જ સળંગ આરસમાં શ્રી શાંતિનાથ, શ્રી કુન્થુનાથ તથા શ્રી અરનાથ ભગવાન કમળની ૧ ફૂટની વેદી ઉપર ખડ્ગાસન બિરાજમાન છે, જે ખૂબ જ પ્રાચીન પ્રતિમાજી લાગે છે. તેમની ઉપર છત્ર પણ છે.

આ સિવાય ૧।। ફીટના સ્ફટિકમણિના ઘણા પ્રાચીન શ્રી ચન્દ્ર પ્રભુ ભગવાનના પદ્માસન પ્રતિમાજી છે. આ પ્રતિમાજી જમના નદીમાંથી મળેલ છે, જે અતિશયવાળી મૂર્તિ માનવામાં આવે છે. સ્ફટિકમણિ ઘણો જ કિંમતી-ખૂબ જ મોંઘો મણિ છે. તેની નાની-નાની પ્રતિમા ઘણે સ્થળે જોવા મળે છે. પરંતુ આવડા મોટા ૧।। ફીટના સ્ફટિકમણિના પ્રતિમાજી અહીં જ જોવા મળે છે. આ સિવાય આ જ વેદીમાં બીજા એક નાના પ્રતિમાજી પણ સ્ફટિકમણિના છે. તે સિવાય અહીં પદ્માસન ૬ ઈંચના રૂપેરી તથા સોનેરી ચાર પ્રતિમાજી અને બીજા નાના પ્રતિમાજી પદ્માસન છે. સ્ફટિકના ૧।। ફીટના આવા મોટા પ્રતિમાજી જમના નદીમાંથી કેવી રીતે મળ્યા હશે તે પણ વિચારવા જેવું છે.

આ રીતે ફિરોઝાબાદના મંદિરો અવશ્ય દર્શનીય હોઈને ફિરોઝાબાદ જવા જેવું તો જરૂર છે.